For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ચૂંટણી ટાણે જ ભાજપ સામે 'એન્ટી-ઈન્કમ્બન્સી'નો જુવાળ

# ભાજપના ઉમેદવારોને લોકોએ ઘેર્યા જવાબ આપવા અધરા પડ્યા!

**"માત્ર** વોટ માંગવા જ કેમ આવો છો?" : સ્થાનિકોએ ઉધડો લેતા નેતાઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પ્રચારમાં ઉતરેલા સત્તાધારી પક્ષ ભાજપના ઉમેદવારોને ઠેર-ઠેર જનતાના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના વોર્ડ નંબર 2, 5, 6, 7, 8, અને 12, માં પ્રચાર માટે નીકળેલા ઉમેદવારો સામે લોકોએ વર્ષોથી લટકતા પ્રશ્નો અને પાયાની સુવિધાઓના અભાવને લઈ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. ક્યાંક બોલાચાલી તો ક્યાંક નેતાઓને આઈનો બતાવવાના બનાવોએ શહેરના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

લોકોએ હવે મૌખિક રજૂઆતો છોડીને વિરોધનું આક્રમક સ્વરૂપ ધારણ કર્યું છે. અલગ અલગ વોર્ડ ની સોસાયટીના પ્રવેશદ્વાર પર જ મોટા બેનરો લગાવી દેવામાં આવ્યા છે, જેમાં પોતાની માંગણીઓનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. રહીશોએ એકસૂરે ચીમકી આપી છે કે કોઈપણ પક્ષના ઉમેદવારે પ્રચાર માટે સોસાયટીમાં પગ મૂકવો નહીં. જો કોઈ નેતા વોટ માંગવા આવશે તો તેમને અંદર પ્રવેશવા દેવામાં આવશે નહીં.

## વોર્ડ 2 "વોટ જોઈએ છે? તો પહેલા કામ બતાવો!"



વડોદરાના વોર્ડ નંબર 2ના છાણી એકતા નગરમાં ચૂંટણીનો પ્રચાર કરવા નીકળેલા ઉમેદવારો માટે 'નો-એન્ટ્રી' જેવી સ્થિતિ સર્જાઈ છે. હજારો જેટલા મતોનું પ્રભુત્વ ધરાવતા આ વિસ્તારમાં ગંદકી, ડહોળું પાણી અને ડેન્ગ્યુના કેર સામે તંત્રની નિષ્ક્રિયતાએ લોકોનો મિજાજ આકરો કર્યો છે. સ્થાનિક કોર્પોરેટરે વિસ્તાર દત્તક લીધો હોવા છતાં ક્યારેય ડોકિયું સુદ્ધાં ન કર્યું હોવાના આક્ષેપ સાથે રહીશોએ 'કામ નહીં તો વોટ નહીં' ના બોર્ડ ઝુલાવી દીધા છે. હવે જોવાનું એ રહેશે કે, વર્ષોથી પ્રજાની પીડા ન જોઈ શકનારા નેતાઓ ચૂંટણી ટાણે હજારો મતદારોના આ રોષને કેવી રીતે ખાળશે?

## વોર્ડ 5 પાંચ વર્ષ ક્યાં હતા કહી ઉમેદવારોને તગેડી મૂક્યા



વડોદરામાં ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરવામાં આવ્યા છે, પરંતુ વોર્ડ નંબર 5 માં આ શરૂઆત જ 'ભારે' પડી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. મહાવીર સોસાયટીમાં જ્યારે ઉમેદવારો અને કાર્યકર્તાઓનો કાફલો મતોની અપીલ કરવા પહોંચ્યો, ત્યારે સ્થાનિક રહીશોએ વર્ષોથી દબાયેલો આક્રોશ બહાર કાઢતા ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં નેતાઓ પ્રજાના સવાલો સામે લાચાર જણાયા હતા. આ ઘટનાએ સ્પષ્ટ કરી દીધું છે કે માત્ર પ્રચારના જોરે મત મેળવવા હવે સહેલા નથી; જનતા હવે વાયદા નહીં પણ 'હિસાબ' માંગી રહી છે!

### વોટ માંગતા પહેલા 'વિકાસ' ક્યાં છે?

વડોદરાના રસ્તાઓ પર અત્યારે ભાજપના કેસરીયા ખેસ કરતા જનતાના આકરા સવાલો વધુ ગાજી રહ્યા છે. વર્ષોથી 'સ્માર્ટ સિટી'ના સપના જોતી જનતા આજે ગટર, પાણી અને રસ્તા જેવા પાયાના પ્રશ્નો માટે નેતાઓનો શર્ટ પકડી રહી છે. શું સત્તાધારી પક્ષ જનતાના આ આક્રોશને શાંત કરી શકશે કે પછી આ રોષ મતદાન પેટીમાં પરિવર્તિત થશે? તે તો સમય જ બતાવશે, પણ હાલ તો વડોદરાના ગલી-મહોલ્લામાં નેતાઓ માટે પ્રચાર કરવો 'લોઢાના ચણા ચાવવા' જેવો સાબિત થઈ રહ્યો છે.

## વોર્ડ 6 'કામ નહીં તો વોટ નહીં, નો એન્ટ્રી'ના બેનરો લાગ્યા




એક તરફ વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો વધી રહ્યો છે, ત્યારે બીજી તરફ 'સ્માર્ટ સિટી'ના વરવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. શહેરના વોર્ડ નંબર 6 માં સમાવિષ્ટ ખોડિયાર નગર પાસેની સુમેરુ ડુપ્લેક્સ સોસાયટીના રહીશોએ સત્તાધીશો અને નેતાઓ સામે બાયો ચડાવી છે. વર્ષોથી પાયાની સુવિધાઓ માટે વલખાં મારતા આ રહીશોએ આ વખતે મક્કમ નિર્ધાર સાથે ચૂંટણીના સંપૂર્ણ બહિષ્કારનું એલાન કર્યું છે.

## વોર્ડ 7 8 ઉમેદવારોને ઊભરાતી ગટરો બતાવી ભગાડી મૂક્યા



ગોરવા વિસ્તાર (વોર્ડ 8) માં પણ દ્રશ્યો કંઈક આવા જ હતા. ત્યાંના નાગરિકોએ દૂષિત પાણી, ચોમાસામાં ભરાતા પાણી અને વીજળીની અનિયમિતતા અંગે ફરિયાદોનો મારો ચલાવ્યો હતો. લોકોએ સીધો આક્ષેપ કર્યો હતો કે, "ચૂંટણી પત્યા પછી કોઈ નેતા મોઢું બતાવવા પણ આવતું નથી." બીજી તરફ, વોર્ડ નંબર 7માં મહિલાઓએ મોરચો સંભાળ્યો હતો. ઉભરાતી ગટરો અને દુર્ગંધ થી પરેશાન મહિલાઓએ ઉમેદવારોને ગટરો બતાવીને ઉગ્ર પૂછપરછ કરી હતી.



## વોર્ડ 12 "શું અમારે આટલી ગંદકી અને ખખડધજ હાલતમાં જીવવાનું?"

વોર્ડ નંબર 12ના ઉમેદવારો સ્મિત અરદેશણા, શકુંતલાબેન વસાવા, રીટા સિંઘ અને સમીર વાઘેલા જ્યારે કાલિદાસની ચાલ અને પરમારની ચાલમાં પ્રચાર માટે પહોંચ્યા ત્યારે રહિશોનો સંયમ ખૂટ્યો હતો. ગંદકી અને ખખડધજ સુવિધાઓથી ત્રસ્ત લોકોએ ઉમેદવારોને ઝાટકતા સવાલ કર્યો હતો કે, "શું અમારે આટલી બદતર હાલતમાં જીવવાનું?" સ્થાનિકોએ નેતાઓ પાસે માત્ર આશ્વાસન નહીં પણ કામની લેખિત બાહેંધરી માંગી હતી. આ દરમિયાન વીડિયો ઉતારવા બાબતે ભાજપના કાર્યકરો અને રહિશો વચ્ચે ઘર્ષણ થતા વાતાવરણ વધુ તંગ બન્યું હતું.

### અહીં કોંગ્રેસમાં પણ ધમાસણ

# ભાજપના 'સામ-દામ-દંડ-ભેદ' સામે કોંગ્રેસના 3 ઉમેદવારો ગાયબ

વોર્ડ નં. 11 અને 18માં હાઈવોલ્ટેજ ડ્રામા: કોંગ્રેસના પ્રમુખનો ફોન સ્વીચ ઓફ આવતા તર્ક-વિતર્ક

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન પહેલા જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેરની બેઠકો પર બિનહરીફ જીત મેળવવા અથવા વિપક્ષને નબળો પાડવા માટે 'સામ-ધામ-દંડ અને ભેદ'ની રણનીતિ અપનાવવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. ભાજપ દ્વારા કોંગ્રેસના મજબૂત ઉમેદવારોને મેદાનમાંથી હટાવવા માટે લેવામાં આવેલા આક્રમક વલણને કારણે રાજકીય આલમમાં ફાળ પડી છે.

શહેરના વોર્ડ નંબર 11 માં સૌથી મોટો વિવાદ સર્જાયો છે. અહીં ભાજપના ઉમેદવાર, જેઓ મૂળ જન્મજાત કોંગ્રેસી છે અને પોતાની જમીનો બચાવવા ભાજપમાં જોડાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે, તેમની સામે કોંગ્રેસના કનુભાઈ પ્રજાપતિ મેદાનમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કનુભાઈને ફોર્મ પરત ખેંચાવવા માટે પ્રજાપતિ સમાજના જ કેટલાક અગ્રણીઓ દ્વારા ભારે દબાણ કરવામાં આવ્યું છે. વાત એટલી હદે વણસી છે કે કનુભાઈનો પરિવાર હાલ ગુમ હોવાનું કહેવાય છે અને તેમના પુત્રએ દબાણવશ આપઘાત કરવાની ધમકી આપી હોવાની વિગતો પણ વહેતી થઈ છે. ભાજપનો પ્લાન અહીં નવા ચહેરા વિષ્ણુને બિનહરીફ જીતાડી અન્ય ઉમેદવારોનો ભાર હળવો કરવાનો હોવાનું મનાય છે. આ ઉપરાંત, આ જ વોર્ડના મહિલા ઉમેદવાર બીનાબેન ચાવડા પણ હાલ સંપર્ક વિહોણા હોવાથી અનેક આશંકાઓ સેવાઈ રહી છે.

માત્ર વોર્ડ 11 જ નહીં, પરંતુ વોર્ડ નંબર 18 માં પણ કોંગ્રેસની પેનલને તોડવાના પ્રયાસો તેજ થયા છે. કોંગ્રેસના બે મહિલા ઉમેદવારો કિન્નરી પંચાલ અને ભાવિકા પટેલ પર ફોર્મ પરત ખેંચવા માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું હોવાની માહિતી સામે આવી છે. એક તરફ કોંગ્રેસના ઉમેદવારો પર આફત આવી પડી છે, ત્યારે બીજી તરફ સંગઠન સ્તરે કોઈ જ રક્ષણ મળતું હોય તેવું જણાતું નથી. આ સમગ્ર મામલે શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિક જોશીનો વારંવાર સંપર્ક કરવા છતાં તેમનો ફોન સ્વીચ ઓફ આવી રહ્યો છે. શહેર પ્રમુખની આ ભેદી ચુપકીદી અને ગેરહાજરીને કારણે કાર્યકરોમાં પણ ચર્ચા છે.

### ચૂંટણી પહેલા જ રસાકસી: વડોદરાના ઉમેદવારો ભૂગર્ભમાં

# લોકશાહીના જંગમાં 'રિસોર્ટ પોલિટિક્સ'ની એન્ટ્રી : આજે ફોર્મ પરત ખેંચવાને છેલ્લો દિવસ

(પ્રતિનિધિ) વડોદરા તા.14
ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ હવે તેના ચરમસીમાએ પહોંચ્યો છે. ખાસ કરીને વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસોમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. ભાજપના 'ઓપરેશન લોટસ' અને તોડજોડની વ્યૂહરચના સામે બચવા માટે કોંગ્રેસે હવે 'રિસોર્ટ પોલિટિક્સ'નો સહારો લીધો છે. વડોદરાની તમામ 76 બેઠકો પર રસાકસીનો માહોલ છે ત્યારે કોંગ્રેસે પોતાના તમામ મજબૂત અને નવા ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડી દીધા હોવાની માહિતી મળી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા મહાનગરપાલિકાના કુલ 19 વોર્ડની 76 બેઠકો માટે જે ઉમેદવારી ફોર્મ ભરાયા છે, તેમાં સ્ક્રુટિની બાદ હવે ફોર્મ ખેંચવાની પ્રક્રિયા નિર્ણાયક તબક્કે છે. કોંગ્રેસને ભય છે કે તેમના ઉમેદવારો પર દબાણ લાવી અથવા લાલચ આપીને ફોર્મ પરત ખેંચાવી શકાય છે. ગુજરાત ના અન્ય શહેર અને જિલ્લામાં જે રીતે બિનહરીફ બેઠકો જીતવાનો ખેલ ખેલાયો છે, તેનાથી સચેત થઈ વડોદરા કોંગ્રેસના મોવડી મંડળે રાતોરાત ઉમેદવારોને શહેર બહાર કોઈ ફાર્મ હાઉસ કે રિસોર્ટમાં મોકલી દીધા હોવાની ચર્ચા થઈ રહી છે.

વડોદરાની 76 બેઠકો પર આ વખતે ત્રિપાંખિયો જંગ જોવા મળી રહ્યો છે. ભાજપ પોતાના ગઢને સાચવવા એડીચોટીનું જોર લગાવી રહ્યું છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગત ચૂંટણી જેવું પરિણામ ન આવે તે માટે સાવચેતી વર્તી રહ્યા છે.

ખાસ કરીને વડોદરાના પછાત વિસ્તારો અને નવા સીમાંકન બાદ બદલાયેલા સમીકરણો ધરાવતી બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો પર ભાજપની ચાંપતી નજર હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકોટ અને સુરતની જેમ વડોદરામાં પણ ઉમેદવારોના મોબાઈલ સ્વીચ ઓફ કરી દેવામાં આવ્યા છે અને તેઓને સીધા જ ફોર્મ ખેંચવાનો સમય પૂર્ણ થયા બાદ પરત લાવવામાં આવશે.

### એક જ બેઠક પર બે ઉમેદવારોને પક્ષનો સિમ્બોલ આપતા કાયદાકીય જંગ

# વોર્ડ-1માં AIMIMના બે ઉમેદવારને મેન્ડેટ: કોંગ્રેસની ફોર્મ રદ કરવા માગણી

**અમી** રાવતે ચૂંટણી નિયમોનો હવાલો આપી ફોર્મ નામંજૂર કરવા રજૂઆત કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે વોર્ડ નંબર-1 માં એક જ બેઠક પર બે ઉમેદવારોને પક્ષનું મેન્ડેટ આપવાના મુદ્દે કાયદાકીય ગૂંચવણ ઊભી થઈ છે. "ઓલ ઈન્ડિયા મજલીસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન" (AIMIM) પાર્ટી દ્વારા વોર્ડ નંબર-1 ની સામાન્ય બેઠક માટે બે અલગ-અલગ વ્યક્તિઓને પક્ષનું મેન્ડેટ અને સિમ્બોલ ફાળવવામાં આવતા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ મામલે કોંગ્રેસના ઉમેદવાર અમી રાવતે જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી સમક્ષ આકરો વિરોધ નોંધાવીને ફોર્મ નામંજૂર કરવાની માગ કરી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, AIMIM પાર્ટી દ્વારા મહમદ સલીમ મહમદ સઈદ અને મિતેષ નગીનભાઈ મકવાણા એમ બે વ્યક્તિઓને વોર્ડ નંબર-1 માટે પક્ષનું સત્તાવાર મેન્ડેટ (નમૂનો-ખ) આપવામાં આવ્યું છે. આ બાબતને ચૂંટણી નિયમોનું ઉલ્લંઘન ગણાવી કોંગ્રેસના ઉમેદવાર અમી રાવતે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી અધિકારીને રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, એક જ બેઠક પર એક જ પક્ષ દ્વારા બે ઉમેદવારોને મેન્ડેટ આપવું એ 'ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે ચૂંટણી પ્રતિકો અનામત રાખવા તથા ફાળવણી કરવા બાબતનો આદેશ-2012' ની પેટા કલમ-9નો સ્પષ્ટ ભંગ છે.

અમી રાવતે કાયદાકીય જોગવાઈઓનો હવાલો આપતા ઉમેર્યું હતું કે, પેટા કલમ-9 મુજબ જો કોઈ એક બેઠક માટે ચૂંટણી અધિકારી સમક્ષ એક કરતાં વધુ ઉમેદવારો પક્ષનો 'નમૂનો-ખ' રજૂ કરે, તો તેવા સંજોગોમાં જે ઉમેદવારે પોતાનું ઉમેદવારીપત્ર પ્રથમ રજૂ કર્યું હોય તેને જ પક્ષના માન્ય ઉમેદવાર તરીકે ગણવાના રહે છે. આ સિવાયના અન્ય ઉમેદવારો, ભલે તેમની પાસે પક્ષનું મેન્ડેટ હોય, તો પણ તેમને તે પક્ષના ઉમેદવાર ગણી શકાય નહીં. આથી, ઉમેદવારનું ફોર્મ મોડું રજૂ થયું હોય તેમનું ઉમેદવારીપત્ર તાત્કાલિક અસરથી નામંજૂર કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. હાલમાં આ મામલો ચૂંટણી અધિકારીના ટેબલ પર છે અને નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવા માટે વહીવટી તંત્રને વિનંતી કરવામાં આવી છે. એક જ વોર્ડમાં એક જ પક્ષના બે મેન્ડેટને કારણે અન્ય ઉમેદવારોમાં પણ આશ્ચર્ય ફેલાયું છે અને હવે ચૂંટણી તંત્ર આ બાબતે શું નિર્ણય લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# ગોધરા-વડોદરા એક્સપ્રેસવેનો સ્ટ્રેચ પૂર્ણ થતાં ખુલ્લો મુકાયો

**સ્ટ્રેચ** ભામૈયા ગામથી વડોદરા નજીકના ડોડકા ગામ સુધી વિસ્તરેલો,નવસારીના ખારેલથી લઈ ગોધરા સુધી હવે મુસાફરી કરી શકાશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.14
ગુજરાતમાં માર્ગ સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. દિલ્હી-વડોદરા એક્સપ્રેસવેનો ગોધરા-વડોદરા સ્ટ્રેચ પૂર્ણ થતાં 13 એપ્રિલથી ટ્રાયલ આધાર પર વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો છે. ટ્રાયલ સફળ થયા બાદ આ સ્ટ્રેચનું સત્તાવાર ઉદ્ઘાટન કરવામાં આવશે.

ભારતમાળા પરિયોજનાના અંતર્ગત બનાવાયેલ આ સ્ટ્રેચ પંચમહાલ જિલ્લાના ગોધરા નજીકના ભામૈયા ગામથી લઈને વડોદરા નજીકના ડોડકા ગામ સુધી વિસ્તરેલો છે. આ એક્સપ્રેસવે આઠ-લેન અને એક્સેસ-કન્ટ્રોલ્ડ છે, જે ઝડપી મુસાફરી માટે અનુકૂળ છે. આ સ્ટ્રેચ શરૂ થતાં ગોધરા, કાલોલ અને વડોદરા વચ્ચેનું જોડાણ વધુ સુગમ બનશે. મુસાફરો અને વાહનચાલકોને ઝડપથી ગંતવ્ય સુધી પહોંચવામાં સહાય મળશે તેમજ હાલના માર્ગો પરનું ટ્રાફિક દબાણ પણ ઘટશે. આ સાથે જ, સુધારેલી કનેક્ટિવિટીથી વેપાર, લોજિસ્ટિક્સ અને સ્થાનિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે તેવી શક્યતા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ એક્સપ્રેસવે પર ધીમી ગતિના વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં. નોંધનીય છે કે, નવસારીના ખારેલથી લઈ ગોધરા સુધી હવે મુસાફરી કરી શકાશે. સાથે આ સ્ટ્રેચનું શરૂ થવું દેશના આધુનિક માર્ગ નેટવર્કના વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### પ્રચાર શરૂ કરી દીધા બાદ ઇન્દુબેન યાદવનું મેન્ડેટ રદ થતા ગ્રામ્ય રાજકારણમાં ભારે ગણગણાટ

# દશરથ-1 તા.પંચયાત બેઠક પર 'મેન્ડેટ ડ્રામા': ઈન્દુબેનનું પત્તું કપાયું, ધારાસભ્યના 'ખાસ' કોકિલાબેનની એન્ટ્રી!

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે વડોદરાના રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો છે. ખાસ કરીને દશરથ-1 તાલુકા પંચાયત બેઠક પર ભારતીય જનતા પાર્ટીએ છેલ્લી ઘડીએ મોટો નિર્ણય લઈને પૂર્વ જાહેર કરેલા ઉમેદવારનું પત્તું કાપી નવા ચહેરાને મેન્ડેટ આપતા અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભાજપ દ્વારા અગાઉ દશરથ-1 બેઠક માટે ઈન્દુબેન યાદવના નામની જાહેરાત કરવામાં આવી હતી. પાર્ટીના આદેશ બાદ ઈન્દુબેને પ્રચાર પણ શરૂ કરી દીધો હતો અને ડોર-ટુ-ડોર જઈને મતદારોનો સંપર્ક પણ સાધ્યો હતો. જોકે, ફોર્મ



ભરવાના અંતિમ દિવસે આશ્ચર્યજનક રીતે ઈન્દુબેન યાદવનું નામ હટાવીને કોકિલાબેન સોલંકીને મેન્ડેટ આપવામાં આવ્યું છે.

રાજકીય ગલિયારાઓમાં ચાલતી ચર્ચા મુજબ, કોકિલાબેન સોલંકી જિલ્લાના એક પ્રભાવશાળી ધારાસભ્યના અત્યંત નજીકના હોવાથી તેમને આ ટિકિટ મળી છે. ફોર્મ ચકાસણી દરમિયાન આ મામલો સામે

### 'માનીતા'ને મેન્ડેટ મળતા જમીની કાર્યકરોમાં નારાજગી

વડોદરા ભાજપમાં હાલ 'વગ'નું રાજકારણ ચરમસીમાએ હોય તેમ જણાય છે. પક્ષ માટે રાત-દિવસ એક કરનારા કાર્યકરોને બદલે નેતાઓના અંગત સભ્યોને પ્રાધાન્ય મળતા આંતરિક જૂથવાદ સપાટી પર આવ્યો છે. શું રાતોરાત બદલાયેલા આ મેન્ડેટ પક્ષને જીત અપાવશે કે પછી કાર્યકરોની નારાજગી ભાજપને ભારે પડશે? તે તો આવનારો સમય જ કહેશે. ખાસ કરીને દશરથ બેઠક પર થયેલો આ ફેરફાર સમગ્ર જિલ્લાના રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

આવતા પાયાના કાર્યકરોમાં ભારે આશ્ચર્ય અને ક્યાંક રોષની લાગણી પણ જોવા મળી રહી છે. ધારાસભ્યએ પોતાની વગ વાપરીને છેલ્લી ઘડી સુધી એડીચોટીનું જોર લગાવીને કોકિલાબેનને મેન્ડેટ અપાવ્યું હોવાનું જમીની સ્તરના કાર્યકરો માની રહ્યા છે.

માત્ર દશરથ જ નહીં, પરંતુ પોર બેઠક પર પણ ટિકિટ ફાળવણીને લઈને અસંતોષ જોવા મળ્યો છે. પોર બેઠક પર અંકિતા પરમારનું નામ જાહેર થતા, અપેક્ષિત ઉમેદવાર નયનાબેન પરમારે પાર્ટી સામે બળવો પોકારીને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે. આ તમામ ઘટનાક્રમો સૂચવે છે કે સ્થાનિક નેતાઓ પોતાના માનીતાઓને ગોઠવવા માટે પાયાના કાર્યકરોની અવગણના કરી રહ્યા છે, જેની અસર આગામી ચૂંટણીના પરિણામો પર પડી શકે છે.

# ચૂંટણી પંચનો નિર્ણય: આચારસંહિતા ભંગ બદલ હવે સીધી FIR જ થશે

**ચૂંટણી** પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે પંચે 'ઝીરો ટોલરન્સ' નીતિ અમલી બનાવી; રાજકીય ગલિયારાઓમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.14
ચૂંટણી પંચ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક, ન્યાયી અને શિસ્તબદ્ધ બનાવવાના હેતુથી પંચે હવે આચારસંહિતાના ઉલ્લંઘન મામલે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી છે. અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે જ્યારે પણ કોઈ ઉમેદવાર કે રાજકીય પક્ષ દ્વારા આદર્શ આચારસંહિતાનો ભંગ કરવામાં આવતો, ત્યારે ચૂંટણી પંચ દ્વારા તેમને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવતી હતી. જોકે, હવે આ પ્રક્રિયામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના નવા આદેશ અનુસાર, જો હવે કોઈ પણ ઉમેદવાર અથવા રાજકીય પક્ષ દ્વારા આદર્શ આચારસંહિતાના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે, તો તેમને કોઈ પણ પ્રકારની પૂર્વ નોટિસ આપવામાં આવશે નહીં. તેના બદલે, પંચ દ્વારા સીધી જ પોલીસ ફરિયાદ એટલે કે FIR દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી દરમિયાન થતી ગેરરીતિઓ અટકાવવાનો અને કાયદાનો ડર પેદા કરવાનો છે, જેથી તમામ પક્ષો મર્યાદામાં રહીને પ્રચાર-પ્રસાર કરે. આ નવી સૂચના બાદ રાજકીય આલમમાં ભારે હલચલ જોવા મળી રહી છે. અત્યાર સુધી નોટિસની પ્રક્રિયામાં ઘણો સમય વ્યતીત થતો હતો અને ઘણીવાર ઉમેદવારો તેને ગંભીરતાથી લેતા નહોતા. પરંતુ હવે સીધી કાયદાકીય કાર્યવાહીની જોગવાઈને કારણે ઉમેદવારોએ પ્રચાર દરમિયાન દરેક પગલું ફૂંકી-ફૂંકીને મૂકવું પડશે.